બાંસવાડા સીટ પર કોંગ્રેસ પોતાના જ ઉમેદવારને મત નહીં આપવા પ્રચાર કરી રહી છે!!

રાજકુમાર રોત

અરવિંદ ડામોર

મહેન્દ્રજીત માલવિય

રાજસ્થાનની બાંસવાડા લોકસભા બેઠક ભલે કોંગ્રેસનો ગઢ રહી છે, પરંતુ આ સીટ પણ દરેક ચૂંટણીમાં તે નવા ચહેરા પર દાવ લગાવતી રહી છે. 2014 પછી ભાજપ અહીં બે વખત જીત્યું છે, પરંતુ બંને વખત ઉમેદવારો નવા હતા. અહીં અત્યાર સુધીમાં કુલ 17 લોકસભાની ચૂંટણી યોજાઈ ચૂકી છે. આમાં સૌથી વધુ એટલે કે 12 વખત જીતનાર કોંગ્રેસે દરેક વખતે પોતાના ઉમેદવાર બદલીને વિજય મેળવ્યો છે તેવી જ સ્થિતિ ભાજપની પણ છે. બે વખત આ બેઠક પર કબજો જમાવનાર ભાજપ આ વખતે અહીં હેટ્રિક ફટકારવાનું આયોજન કરી રહ્યું છે. ઘણા ઉતાર-ચઢાવ પછી, કોંગ્રેસે રાજસ્થાનમાં ભારત આદિવાસી પાર્ટી (BAP) સાથે ગઠબંધન કરવાનો નિર્ણય કર્યો છે અને ત્યારબાદ બંને પક્ષોએ સંયુક્ત ઉમેદવાર રાજકુમાર રોતને મેદાનમાં ઉતાર્યા. જો કે કોંગ્રેસના જાહેર કરાયેલા ઉમેદવાર અરવિંદ ડામોરે ઉમેદવારી પાછી ખેંચવાનો ઇનકાર કર્યો હતો. અહીં ભારત આદિવાસી પાર્ટીનાં રાજકુમાર રોત, ભાજપના મહેન્દ્રજીત સિંહ માલવિય અને કોંગ્રેસના બળવાખોર અરવિંદ ડામોર વચ્ચે ત્રિકોણીય મુકાબલો રહેશે.

બિગ ફાઈટ
બાંસવાડા - રાજસ્થાન
દેશની અગત્યની - ચર્ચાતી બેઠકનો પરિચય

ભાજપને હરાવવા કોંગ્રેસે BAPનાં રાજકુમારને ટેકો જાહેર કર્યો

ભાજપ જીતી ન જાય એ માટે કોંગ્રેસે BAP નાં રાજકુમારને ટેકો જાહેર કરવો પડ્યો છે. બદલામાં ભારત આદિવાસી પાર્ટી રતલામ સહિત બે આદિવાસી બેઠક પર ઉમેદવાર ઊભા નહીં રાખશે. કોંગ્રેસના સ્થાનિક નેતાઓ લોકોને પક્ષના ઉમેદવારને બદલે રોતને મત આપવા અપીલ કરી રહ્યા છે. ડામોરે દાવો કર્યો છે કે તેમને પક્ષના ઘણા નેતાઓનું સમર્થન છે જેઓ BAP સાથે જોડાણની વિરુદ્ધ છે. કોંગ્રેસે ગઠબંધનની જાહેરાત પહેલા જ ડામોરને પોતાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા. બાંસવાડા લોકસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસ-બીએપી ગઠબંધન વચ્ચે જે મુકાબલો થવાની ધારણા હતી તે હવે ડામોરના આગ્રહને કારણે ત્રિકોણીય ફરીફાઈમાં ફેરવાઈ ગઈ છે. માનવામાં આવી રહ્યું છે કે ડામોરના ચૂંટણી મેદાનમાં પ્રવેશ સાથે કોંગ્રેસના મતોનું વિભાજન થશે, જેનો ફાયદો કોંગ્રેસ છોડી ભાજપના ઉમેદવાર બનેલા મહેન્દ્રજીતસિંહ માલવિયને થઈ શકે છે.

અલગ ભિલિસ્તાનની મૂવમેન્ટના રાજકુમાર રોતની લોકપ્રિયતા જોતાં વડાપ્રધાન મોદીએ સભા કરવી પડી

2023ની વિધાનસભા ચૂંટણી પહેલા BAPની સ્થાપના કરવામાં આવી હતી. પાર્ટીના ત્રણ ધારાસભ્યોમાં રોતનો પણ સમાવેશ થાય છે. બાંસવાડા એક લોકસભા બેઠક છે જે અનુસૂચિત જનજાતિ માટે આરક્ષિત છે. તેઓ અલગ ભીલ પ્રદેશની માંગ કરી રહ્યાં છે. અલગ ભિલિસ્તાન રાજ્યની મૂવમેન્ટ ચલાવતા રાજકુમાર રોતની લોકપ્રિયતા જોતાં વડાપ્રધાન મોદીએ સભા કરવી પડી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે અહીં એક રેલીને સંબોધી હતી. રેલીમાં મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે જો કોંગ્રેસ કેન્દ્રમાં સત્તામાં આવશે તો તે લોકોની સંપત્તિનું મુસ્લિમોમાં સમાન રીતે પુન:વહેંચણી કરશે.

બાંસવાડા લોકસભા બેઠક પર 81 ટકા મતદારો ગ્રામ્ય વિસ્તારના છે

અનુસૂચિત જાતિ માટે આરક્ષિત આ લોકસભા મતવિસ્તારમાં આશરે 1,04,571 અનુસૂચિત જાતિના મતદારો છે. જ્યારે અનુસૂચિત જનજાતિના મતદારોની સંખ્યા 1,207,698 છે. આ બેઠક પર લગભગ 10 ટકા મત મુસ્લિમોના છે. તેમની સંખ્યા 2,05,434 છે. આ લોકસભા મતવિસ્તારના 81 ટકા મતદારો ગામડાઓમાં રહે છે. બાકીના 19 ટકા શહેરી મતદારો છે 2019ની સંસદીય ચૂંટણીમાં આ બેઠક પર કુલ મતદારોની સંખ્યા 20,50,421 હતી. જેમાંથી 70 ટકા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.આ બેઠક રાજસ્થાન અને મધ્યપ્રદેશથી સરહદ પર આવેલી હોવાથી અહીંનો પ્રભાવ પણ તેના પર પડે છે.

ભાજપ જંગી મતોથી જીતશે: મહેન્દ્રજીતસિંહ માલવિય

ભાજપના ઉમેદવાર મહેન્દ્રજીતસિંહ માલવિય પોતાના પ્રચાર દરમિયાન રોત પર બાંસવાડાના લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવી રહ્યા છે. લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા માલવિયએ કહ્યું, 'આ લોકો આપણા આદિવાસી ભાઈ-બહેનોને ક્યાં લઈ જશે? તેઓ આદિવાસી સમાજને ગેરમાર્ગે દોરી રહ્યા છે. એક વ્યક્તિ માટે ઘર બાંધવાથી સમગ્ર સમુદાયને ફાયદો થતો નથી. તેમણે દાવો કર્યો હતો કે ભાજપ આ બેઠક જંગી માર્જિનથી જીતશે અને કોંગ્રેસ-બીએપી ગઠબંધન ચાલશે નહીં. રોટે કહ્યું કે ભાજપના ઉમેદવારો આદિવાસી સમુદાયને "વિભાજિત" કરી રહ્યા છે અને તેમનો દુરુપયોગ કરી રહ્યા છે.

તમામ ચૂંટણી સરવેમાં મોદીની લહેર દેખાઈ રહી છે

ચૂંટણી બોન્ડ કે વધી રહેલી મોંઘવારી તથા બેકારીની ખાસ કોઈ અસર મતદારોના માનસ પર જોવા મળતી નથી

ચૂંટણીની મોસમ આવે ત્યારે સર્વેની મોસમ પણ આવતી હોય છે. એક તરફ ભારતીય જનતા પાર્ટી આગામી ચૂંટણીમાં જીતની હેટ્રિક ફટકારવાના પ્રયાસો કરી રહી છે, તો બીજી તરફ વિરોધ પક્ષો તેમના વિજય રથને રોકવાના મરણિયા પ્રયાસો કરી રહ્યા છે. દિલ્હી, હરિયાણા, તમિલનાડુ, મહારાષ્ટ્ર, બિહાર અને ઉત્તર પ્રદેશ જેવાં રાજ્યોમાં ગઠબંધન હોવા છતાં લગભગ તમામ સર્વેમાં વિપક્ષો ભાજપની પાછળ જોવા મળી રહ્યા છે. તાજેતરમાં હાથ ધરાયેલા ટાઈમ્સ નાઉ ETG સર્વેમાં ભારતીય જનતા પાર્ટી સતત ત્રીજી વખત પૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવતી જણાય છે.

ETGના સર્વે મુજબ ઈન્ડિયા એલાયન્સને ૧૦૪ અને અન્યને ૭૩ બેઠકો મળી શકે છે. ભાજપ પોતાના દમ પર ૩૦૮ થી ૩૨૮ સીટ જીતી શકે છે. તે જ સમયે વિપક્ષી ગઠબંધનની સૌથી અગ્રણી પાર્ટી કોંગ્રેસ ફરી એકવાર પોતાના દમ ઉપર પર થી ૭૨ બેઠકો જીતે તેવી અપેક્ષા છે. ETG સર્વેમાં ભાજપના નેતૃત્વ હેઠળના NDA ૩૬૬ બેઠકો જીતવાનો દાવો કરાયો છે.

ઈન્ડિયા ટીવી-સી એ ન એ ક સ ઓપિનિયન પોલ ભાજપ તરફ ઢળતો જણાય છે. તેમાં પણ એનડીએને બહુમતી મળતી જણાય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ ૫૪૩ લોકસભા સીટોમાંથી ૩૭૮ સીટો જીતી શકે છે. કોંગ્રેસના નેતૃત્વમાં ઇન્ડિયા ગઠબંધન ૯૮ બેઠક જીતી શકે છે. તેમાં તૃણમૂલને સામેલ કરવામાં આવ્યું નથી. સર્વે અનુસાર, ભાજપ એકલો ૩૩૫ સીટ

જીતી શકે છે, જ્યારે કોંગ્રેસ ૩૭ સીટ સુધી સીમિત રહી શકે છે.

ઝી ન્યૂઝના મટિરિયલાઈઝ ઓપિનિયન પોલમાં પણ એનડીએને બહુમતી મળતી જણાય છે. મેટેરીસ ઓપિનિયન પોલમાં એનડીને ૩૭૭ સીટ મળતી જોવા મળી રહી છે, જ્યારે ઈન્ડિયા એલાયન્સ માત્ર ૯૪ સીટ જીતી શકે છે. તે જ સમયે અન્ય પક્ષો ૭૨ બેઠક કબજે કરી શકે છે.

ઈન્ડિયા ટુડેના મૂડ ઓફ નેશન સર્વેમાં મતદારોના માનસ મુજબ NDA ૩૩૫ બેઠકો જીતીને સત્તામાં આવશે. સર્વે અનુસાર ભાજપને પોતાના દમ પર ૩૦૪ બેઠક મળી શકે છે, જ્યારે કોંગ્રેસને ૭૧ બેઠક મળવાની આશા છે. તે જ સમયે અન્ય પ્રાદેશિક પક્ષો ૧૬૭ બેઠક જીતી શકે છે.

લોકસભા ચૂંટણીને લઈને કરાયેલા તમામ સર્વેમાં NDAને ૩૬૨ થી ૩૮૬ બેઠક મળી રહી છે, જ્યારે ભારતીય ગઠબંધનને ૯૦ થી ૧૦૮ બેઠક અને અન્યને ૬૫ થી ૭૫ બેઠક મળી શકે છે. ભાજપની લહેર જોવા મળી રહી છે અને ઇન્ડિયા ગઠબંધન એનડીએને પડકારતું જોવા મળતું નથી.

હજુ ચૂંટણીને ઘણા દિવસો બાકી છે તે જોતાં કોઈ વિશિષ્ટ ઘટના બને તો મતદારોનો મૂડ બદલાઈ પણ શકે છે. ચૂંટણી બોન્ડ કે વધી રહેલી મોંઘવારી તથા બેકારીની ખાસ કોઈ અસર મતદારોના માનસ પર જોવા મળતી નથી. આ વખતની ચૂંટણીનો મુખ્ય મુદ્દો જ મોદી છે.

- સંજય વોરા

લોકસભાની પ્રથમ ચૂંટણીમાં 10.05 કરોડ ખર્ચ થયો હતો

દેશમાં પ્રથમ લોકસભા ચૂંટણી 1951-52માં યોજાઈ હતી. આ ચૂંટણીમાં 10.5 કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. તો વર્ષ 2014ની લોકસભા ચૂંટણીમાં આ ખર્ચ 3870.3 કરોડ રૂપિયાએ પહોંચ્યો હતો. એટલે કે 63 વર્ષોમાં ચૂંટણી ખર્ચમાં 36,857 ટકાનો વધારો નોંધાયો છે. તેમજ આ દરમિયાન મતદારોની સંખ્યા 17.32 કરોડથી વધીને 91.2 કરોડ થઇ ગઈ હતી. તેમજ 2009થી 2014 દરમિયાન ચૂંટણી ખર્ચ લગભગ 3 ગણો વધી ગયો હતો. વર્ષ 2009ની લોકસભા ચૂંટણીમાં 1114.4 કરોડ રૂપિયા ખર્ચ થયા હતા. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આ સામાન્ય ચૂંટણીમાં 98 કરોડ મતદાતાઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જો કે, 2019ની લોકસભા ચૂંટણીમાં કેટલો ખર્ચ થયો હતો તેની જાણકારી ચૂંટણી પંચે જાહેર નહોતી કરી.

ભાજપે વર્તમાન સાંસદ વિનોદ ચાવડાને ત્રીજી વખત તક આપી છે તો કોંગ્રેસે નિતેશ લાલણ પર દાવ લગાવ્યો છે

કચ્છ બેઠક ઉપર બે યુવાનો વચ્ચે મુકાબલો થશે

1952ની લોકસભાની પ્રથમ ચૂંટણીમાં પૂર્વ અને પશ્ચિમની 2 બેઠક ધરાવતા કચ્છની બેઠકનો જીતનો ગ્રાફ સત્તા પક્ષ તરફી રહ્યો છે. 2024ની લોકસભાની ચૂંટણીમાં દેશના પશ્ચિમી સરહદ અને સામે પાર પાકિસ્તાન ભૂમિ, સાગર ધરાવતા કચ્છ જિલ્લાની લોકસભાની અનુસૂચિત જાતિની અનામત બેઠક ગુજરાતની 26 બેઠકમાં અગત્યની છે. કારણ કે 1999 પછી સત્તાધારી તરીકે લોક પ્રતિનિધિ ભાજપના રહ્યા છે. પણ, આઝાદીકાળ પછી કોંગ્રેસના ઝુઝારુ નેતાઓએ અલગ કચ્છ વિકાસ બોર્ડ લાવવા સુધીના પ્રયાસો કર્યા છે.

2024ના સમીકરણોની વાત કરીએ તો કચ્છની બેઠકનો વિસ્તાર સરહદી, 2 માતબર બંદરો ઉપરાંત સૌથી મોટા રિન્યૂએબલ હાઈબ્રિડ એનર્જી પાર્ક

સહિતનું ભારે ઉદ્યોગિકરણ અને ધોરડોનું સફેદ રણ, ધોળાવીરાની યુનેસ્કો માન્ય હડપ્પા માનવ સંસ્કૃતિનું પ્રવાસન દેશસ્તરે ખ્યાત બન્યા છે. આ પરિબળો ઉપર ખુદ કેન્દ્ર સરકારની નજર રહેતી હોય છે.

હાલની લોકસભામાં મુખ્ય બંને પક્ષના ઉમેદવારો યુવાન છે. ભાજપે પક્ષના ગુજરાતના મહામંત્રી અને વર્તમાન સાંસદ વિનોદ ચાવડાને ત્રીજી વખત તક આપી છે. એક દાયકો તેમણે કચ્છ મોરબી બેઠક ઉપર વિતાવ્યો અને રેલ, હવાઈ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિતના કામો થયાં છે. સામે કોંગ્રેસ અને આપ ગઠબંધન પૈકી કોંગ્રેસના યુવા ઉમેદવાર નિતેશ લાલણ સક્રિય ગણાય છે. કોંગ્રેસ 10 વર્ષની એન્ટી ઈંકમબન્સી, નર્મદાના અધૂરા પાણી, કચ્છ પરત્વે સરકારે લોકોની વણપુરેલી અપેક્ષા સહિતના મુદ્દે પ્રચારમાં છે.

કચ્છમાં 2024ની ચૂંટણી કોંગ્રેસની પક્ષીય વિચારધારા અને ભાજપની વિકાસયાત્રા વચ્ચેની હશે.

કચ્છ લોકસભા બેઠકનો ઈતિહાસ

કચ્છ જિલ્લાની ચૂંટણીનો ઈતિહાસ રસપ્રદ રહ્યો છે. જૂની સામાન્ય બેઠકની એક ખાસિયત એ રહી છે કે એક ટર્મમાં ઉમેદવારી કરનાર જો જીતે તો બીજી ટર્મમાં હારતા અને જો પહેલાં હારે તો બીજી વખત જીતતા હતા. જોકે મતદારોના આ પરિવર્તશીલ સ્વભાવનો સ્વાદ પુષ્પદાન ગઢવીને ચાખવા મળ્યો ન હતો અને તેઓ ૧૯૯૬થી ૨૦૦૪ સુધી સતત ચાર વખત સંસદમાં પહોંચ્યા હતા. જોકે ૧૯૯૯માં માત્ર ૪૩૧૫ની લીડ મળી હતી. અન્ય એક બાબત જોઈએ તો, ૧૯૬૨થી ૧૯૭૧ની લોકસભાની સામાન્ય બેઠક પર રાજવી પરિવારના ત્રણ સભ્યે ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું જેમાં સામાન્ય નાગરિક અને કોંગ્રેસના વહેણ વચ્ચે બે રાજવી કુંવરને હાર ખમવી પડી હતી અને એક જ મહારાજ કુમાર હિંમતસિંહજીનો વિજય થયો હતો. ૨૦૦૯ પહેલાં કચ્છની બેઠક સામાન્ય હતી અને તેમાં છેલ્લી ચાર લોકસભામાં ધારાશાસ્ત્રી પુષ્પદાન ગઢવીએ ભાજપમાંથી સતત વિજયયાત્રા જાળવી રાખી હતી.

વિનોદ ચાવડા | નિતેશ લાલણ

કચ્છ સીમાવર્તી છે એટલે 370ની કલમ હટાવવા જેવા નિર્ણયોની નોંધ લેવાશે

કચ્છ સીમાવર્તી છે એટલે કાશ્મીરની 370ની કલમ હટાવવા જેવા નિર્ણયોની નોંધ લેવાય, રામ મંદિર, નોટબંધી સહિતના મુદ્દાઓ પણ વિચારાય. કોંગ્રેસ વિપક્ષ તરીકે ક્યાં આગળ કે પાછળ અથવા ચર્ચામાં રહી તે પણ મતદારો કેટલેક અંશે વિચારશે. હાલમાં અનુસૂચિત જાતિની અનામત બેઠક પર મુસ્લિમ મતદારોનું પ્રભુત્વ છે. તો આહીર, પાટીદાર તથા પછાત સમાજના મતદારો પણ નિર્ણાયક બની શકે તેમ છે.

સામાન્ય બેઠક ઉપર પુષ્પદાન ગઢવી સતત 4 ટર્મ રહ્યા છે

જૂના સાંસદોમાં મહિપતરાય મહેતાનું નામ સન્માન પૂર્વક લેવાઈ રહ્યું છે. ૧૯૭૧થી ૧૯૮૪ સુધીની ચાર ચૂંટણી લડ્યા હતા. જેમાંથી ૧૯૭૧ અને ૧૯૮૦માં વિજયી બન્યા હતા અને ૧૯૭૭ અને ૧૯૮૪માં હાર ખમવી પડી હતી. એક સમયના ગુજરાતના નાણા મંત્રી અને તે પહેલાં સાંસદ બનેલા બાબુભાઈ મેઘજી શાહ ૧૯૮૯માં લોકસભામાં પહોંચ્યા હતા. તો ૧૯૯૧ અને ૧૯૯૯માં પરાસ્ત થવું પડયું હતું. બીજીબાજુ પુષ્પદાન ગઢવીએ લોકસભા માટે હાર જોવાનો સમય જ નહોતો આવ્યો અને સાંસદ તરીકે જ તેમનો કાર્યકાળ ૨૦૦૯માં પૂરો થયો હતો.

કચ્છ લોકસભા બેઠકના મતદારો

બેઠક	પુરૂષ	મહિલા	કુલ
અબડાસા	1,30,962	1,25,006	2,55,971
માંડવી	1,32,800	1,27,051	2,59,852
ભૂજ	1,49,192	1,46,204	2,95,398
અંજાર	1,39,506	1,34,216	2,73,730
ગાંધીધામ	1,63,456	1,47,024	3,10,486
રાપર	1,30,798	1,19,128	2,49,927

કચ્છ લોકસભા બેઠકમાં આવતી વિધાનસભા બેઠકોના 2022ના પરિણામ

બેઠક	વિજેતા	મતોની લીડ
અબડાસા	ભાજપ	9,432
માંડવી	ભાજપ	35,875
ભૂજ	ભાજપ	30,105
અંજાર	ભાજપ	37,522
ગાંધીધામ	ભાજપ	12,261
રાપર	ભાજપ	2,330

અરુણ ગોવિલ: મેરઠની પ્રજા રામનો રાજ્યાભિષેક કરશે કે વનવાસમાં મોકલશે

ઉત્તરપ્રદેશના મેરઠથી ભાજપે ભગવાન રામની ભૂમિકા ભજવી જાણીતા થયેલા અરુણ ગોવિલને મેદાનમાં ઉતાર્યા છે. મેરઠની સાંકળી ગલીઓમાં સીતા માતા એટલે કે દીપિકા ચિખલિયા અને ભાઈ લક્ષ્મણ એટલે કે સુનીલ લાહિરી સાથે આ રામ જ્યારે નગરચર્યા કરવા નીકળે છે ત્યારે ઘણા લોકો તેમના ચરણ સ્પર્શ કરી લે છે. અયોધ્યામાં જાન્યુઆરીમાં થયેલી રામ મંદિરની પ્રતિષ્ઠાનો લાભ લેવાની ભાજપની ગણતરી છે. જોકે 2006માં અહીંથી કોંગ્રેસની ટીકીટ પર ચૂંટણી લડવા આવેલી અભિનેત્રી નગમા હારી ગઈ હતી. તે પણ ભીડ એકઠી કરતી હતી, પણ ભીડ મતમાં પરિવર્તિત થઈ શકી નહીં. તેથી ભાજપ અહીં માત્ર ગ્લેમરના ભરોસે નથી. સપાએ અહીંથી મેરઠના દલિત એવા માજી મેયર સુનિતા વર્માને ટિકિટ આપી છે. અહીં મુસ્લિમોના 6 લાખ અને દલિતોના 3 લાખ મત છે, તે ટોટલ મતના 50 ટકા જેટલા થાય છે. તેથી અહીં રામની અગ્નિ પરીક્ષા તો છે જ. જોકે, પોતાની જન્મભૂમિ મેરઠમાં આ પરીક્ષામાં પાર ઉતારવાનો તેમને વિશ્વાસ છે.

અરુણ ગોવિલનો જન્મ 1952માં મેરઠમાં જ થયો હતો. તેમણે બીએસસી સુધીનું શિક્ષણ શાહજહાનપૂરમાં લીધું. પિતા સરકારી નોકરીમાં હતા અને એવું ઇચ્છતા હતા કે પુત્ર સરકારી અધિકારી બને. પણ પુત્રના મનમાં કંઈ બીજું જ ચાલતું હતું. તેમના ભાઈ વિજય ગોવિલે અભિનેત્રી તબસ્સુમ સાથે લગ્ન કર્યા હતા. અરુણ પણ ફિલ્મી દુનિયામાં ઝંપલાવવા 1975માં મુંબઈ પહોંચ્યા. ભાભી તબસ્સુમે તેમનો તારાચંદ બડજાત્યા સાથે પરિચય કરાવ્યો અને 1977માં તેમને પ્રથમ ફિલ્મ પહેલીમાં કામ મળ્યું. કેટલીક ફિલ્મોમાં કામ કર્યા બાદ 1985માં રામાનંદ સાગરે તેમને ટીવી સીરિયલ વિક્રમ ઔર વેતાલમાં રોલ આપ્યો અને 1986માં તેમને અતિ લોકપ્રિય રામાયણ સિરિયલમાં રામની ભૂમિકા મળી. 2021માં તેઓ ભાજપમાં સામેલ થયા હતા. હવે ભાજપે તેમને મેરઠથી લોકસભાની ચૂંટણીમાં ઉતાર્યા છે. તેમનો પ્રચાર કરી રહેલા સીતા - દીપિકા ચિખલિયા આ પહેલા વડોદરાથી સાંસદ રહી ચૂક્યા છે. હવે મેરઠની પ્રજા આ રામનો રાજ્યાભિષેક કરે છે કે વનમાં મોકલે છે તે જોવું રહ્યું.



2019ની ચૂંટણીમાં ઉત્તર પ્રદેશમાં અનેક બેઠક પર ઉલટફેર જોવા મળ્યો હતો

લોકસભાની 2019ની ચૂંટણીમાં ઉત્તર પ્રદેશ ઉપર સમગ્ર દેશની નજર હતી કારણ કે, સત્તાની સીડી તો આ રાજ્યમાંથી જ પસાર થાય છે. જો કે, 2019માં મોદી લહેર ચાલી રહી હોવાથી અહીં અનેક ઉલટફેર જોવા મળ્યો હતો. ઉત્તર પ્રદેશમાં મજબૂત પકડ ધરાવતા સમાજવાદી પાર્ટીના સર્વેસર્વા અખિલેશ યાદવના પત્ની ડિમ્પલ યાદવે પણ હારનો સામનો કરવો પડ્યો હતો તો બહુજન સમાજ પાર્ટીની હાજરી જોવા પણ મળી ન હતી.

રાજ્ય	બેઠક	દિગ્ગજ ઉમેદવાર	પક્ષ	હરીફ ઉમેદવાર પક્ષ	2019ના વિજેતા	હાર-જીત
ઉત્તર પ્રદેશ	આઝમગઢ	અખિલેશ યાદવ	સપા	ભાજપ	સપા	2,59,874 મતથી જીત
ઉત્તર પ્રદેશ	ગાઝિયાબાદ	વી.કે.સિંહ	ભાજપ	સપા	ભાજપ	5,01,500 મતથી જીત
ઉત્તર પ્રદેશ	લખનૌ	રાજનાથસિંહ	ભાજપ	સપા	ભાજપ	3,47,302 મતથી જીત
ઉત્તર પ્રદેશ	મૈનપૂરી	મુલાયમસિંહ યાદવ	સપા	ભાજપ	સપા	94,389 મતથી જીત
ઉત્તર પ્રદેશ	મથુરા	હેમામાલિની	ભાજપ	આરએલડી	ભાજપ	2,93,471 મતથી જીત
ઉત્તર પ્રદેશ	રાયબરેલી	સોનિયા ગાંધી	કોંગ્રેસ	ભાજપ	કોંગ્રેસ	1,67,178 મતથી જીત
ઉત્તર પ્રદેશ	રામપુર	આઝમખાન	સપા	સપા	ભાજપ	1,09,997 મતથી જીત
ઉત્તર પ્રદેશ	સુલતાનપુર	મેનકા ગાંધી	ભાજપ	બસપા	ભાજપ	14,526 મતથી જીત
ઉત્તર પ્રદેશ	વારાણસી	નરેન્દ્ર મોદી	ભાજપ	સપા	ભાજપ	4,79,505 મતથી જીત
ઉત્તર પ્રદેશ	અલ્હાબાદ	રીટા બહુગુણા	ભાજપ	સપા	ભાજપ	1,84,274 મતથી જીત
ઉત્તર પ્રદેશ	અમેઠી	સ્મૃતિ ઈરાની	ભાજપ	કોંગ્રેસ	ભાજપ	55,120 મતથી જીત
ઉત્તર પ્રદેશ	કન્નોજ	ડિમ્પલ યાદવ	સપા	ભાજપ	ભાજપ	12,353 મતથી હાર